1. મુલ્યનો અર્થ જણાવો.

- મૂલ્ય એટલે વસ્તુ કે સેવાનું અન્ય વસ્તુના પ્રમાણમાં વિનિમય મુલ્ય.

2. સર્વસુલભ વસ્તુઓનો અર્થ અને ઉદાહરણ આપો.

- જે વસ્તુ કે સેવાના પુરવઠા પર કોઈનો અંકુશ ન હોય અને જે વસ્તુ કે સેવા સૌને જ્યારે અને જેટલા પ્રમાણમાં જોઈએ ત્યારે મળી રહેતી હોય, તે વસ્તુઓ સર્વસુલભ વસ્તુઓ છે. જેમ કે, હવા, પાણી, સૂર્યપ્રકાશ વગેરે સર્વસુલભ વસ્તુઓ છે.

3. અર્થશાસ્ત્રમાં નાશવંત વસ્તુઓ કોને ગણવામાં આવે છે?

- જે વસ્તુઓનો વપરાશ કરતાંની સાથે અંત આવે છે અને જે લાંબા ગાળા સુધી ઉપયોગી રહેતી નથી, તે અર્થશાસ્ત્રમાં નાશવંત વસ્તુઓ ગણવામાં આવે છે.

4. વપરાશી વસ્તુઓનો અર્થ અને ઉદાહરણ આપો.

- જે વસ્તુઓ સીધી જ પ્રત્યક્ષ વપરાશ દ્વારા જરૂરિયાત સંતોષે છે, તે વપરાશી વસ્તુઓ છે. જેમ કે, ખોરાક, કપડાં વગેરે વપરાશી વસ્તુઓ છે.

5. કઈ સંપત્તિ વ્યક્તિગત સંપત્તિ ગણાય છે?

- જે સંપત્તિની માલિકી અને વપરાશ ખાનગી અને વ્યક્તિગત હોય તે વ્યક્તિગત સંપત્તિ ગણાય છે.

6. ઉત્પાદનનાં સાધનોનો અર્થ જણાવો.

- વસ્તુ તુષ્ટિગુણના સર્જનની પ્રક્રિયામાં મદદરૂપ થતી બાબતોને ઉત્પાદનનાં સાધનો કહે છે.

7. મૂડીનો અર્થ જણાવો.

- મૂડી એટલે એવી ભૌતિક અને નાણાકીય વસ્તુઓ જે ઉત્પાદનમાં મદદરૂપ થાય છે.

8. હેબરલરના મતે વ્યાપારચક્રની વ્યાખ્યા આપો.

- હેબરલરના મતે, "અર્થતંત્રમાં વારાફરતી આવતાં સારાં અને ખરાબ આર્થિક પરિવર્તનો એટલે વ્યાપારચક્ર."

9. વ્યાપારચક્રના કેટલા તબક્કા છે? કયા કયા?

- વ્યાપારચક્રના ચાર તબકકા છે : (1) તેજી, (2) ઓટ, (3) મંદી અને (4) સુધારણા.

10. કિંમત એટલે શું?

- કિંમત એટલે વસ્તુ કે સેવાના બદલામાં ચૂકવાતા નાણાકીય એકમનું પ્રમાણે.

11. જે વસ્તુનો પુરવઠો અમાપ હોય તેનું કયું મૂલ્ય ખૂબ ઊંચું હોય છે?

- જે વસ્તુનો પુરવઠો અમાપ હોય તેનું ઉપયોગિતા મૂલ્ય ખૂબ ઊંચું હોય છે.

12. કઈ વસ્તુઓનાં વિનિમય મૂલ્ય ઊંચાં હોય છે?

- જે વસ્તુઓનો પુરવઠો નિયંત્રિત હોય એટલે કે, જે વસ્તુઓની અછત હોય તે વસ્તુઓનાં વિનિમય મૂલ્ય ઊંચાં હોય છે.

13. વસ્તુનો અર્થ જણાવો.

- જે ભૌતિક બાબત કારા જરૂરિયાત સંતોષાય છે, તે વસ્તુ છે.

14. સેવાઓ એટલે શું?

- અભૌતિક બાબતો જે માનસિક જરૂરિયાતો સંતોષે છે, તેને સેવાઓ કહે છે.

15. આર્થિક વસ્તુઓનો અર્થ જણાવો.

- જે વસ્તુના પુરવઠા પર અંકુશ હોય, જેની અછત છે અને જેનું ખરીદ-વેચાણ થઈ શકે છે, તે આર્થિક વસ્તુઓ છે.

16. જાહેર વસ્તુઓ કયા ગુણ ધરાવે છે?

- જાહેર વસ્તુઓ બિનસ્પર્ધાત્મિકતા અને બિનવંચિતતાના ગુણ ધરાવે છે.

17. કયા પ્રકારની વસ્તુના વપરાશનું ક્ષેત્ર મર્યાદિત હોય છે?

- ખાનગી પ્રકારની વસ્તુના વપરાશનું ક્ષેત્ર મર્યાદિત હોય છે.

18. ઉત્પાદક વસ્તુઓ કોને ગણવામાં આવે છે?

- જે વસ્તુઓ ઉત્પાદન-પ્રક્રિયામાં ભાગ લઈ તુષ્ટિગુણનું સર્જન કરવામાં ઉપયોગી છે, તેને ઉત્પાદક વસ્તુઓ ગણવામાં આવે છે.

19. કઈ વસ્તુ સંપત્તિ ગણાય?

- જે વસ્તુમાં ઉપયોગિતાના ગુણ હોવા સાથે અછતનો ગુણ હોય તે વસ્તુ જે સંપત્તિ ગણાય,

20. આલ્ફ્રેડ માર્શલના મતે સંપત્તિનો અર્થ જણાવો.

- આલ્ફ્રેડ માર્શલના મતે, “જે વસ્તુ ઉપયોગી હોય, અછતવાળી હોય, વિનિમયપાત્ર હોય અને જેના પર વ્યક્તિગત માલિકી થઈ શકતી હોય તે સંપત્તિ છે.”

21. શ્રમિકનો શ્રમ સંપત્તિ ગણાય?

- શ્રમિકનો શ્રમ સંપત્તિ નથી, કારણ કે તે લાંબા ગાળા સુધી ટકાવી શકાતો નથી.

22. 'વિચારવાનો ગુણ' શા માટે સંપત્તિ નથી?

- વિચારવાનો ગુણ વિનિમયપાત્ર નથી, તેથી તે સંપત્તિ નથી.

23. ઉત્પાદનનાં સાધનો કયાં કયાં છે ?

- જમીન, મૂડી, શ્રમ અને નિયોજક ઉત્પાદનના સાધનો છે.

24. માર્શલના મતે ઉત્પાદનનાં સાધનો ક્યાં છે ?

- માર્શલના મતે ઉત્પાદનનાં બે સાધનો છે : (1) કુદરત અને (2) માનવી.

25. અર્થશાસ્ત્રની પરિભાષામાં "જમીન" એટલે શું?

- અર્થશાસ્ત્રની પરિભાષામાં જમીન એટલે તમામ કુદરતી સંપત્તિ.

26. પ્રો. માર્શલના મતે 'જમીન'નો અર્થ જણાવો.

- પ્રો. માર્શલના મતે, મનુષ્યને ઉત્પાદનમાં મદદરૂપ થતાં કુદરતી પરિબળો જમીન છે.

27. અર્થશાસ્ત્રની દષ્ટિએ કેવી સંપત્તિ મૂડી ગણાય છે?

- અર્થશાસ્ત્રની દષ્ટિએ જે સંપત્તિ માનવસર્જિત હોય અને ઉત્પાદનકાર્યમાં ઉપયોગી હોય તેવી સંપત્તિ મૂડી ગણાય છે.

28. શ્રમ કોને કહેવાય છે?

- કોઈ વ્યક્તિની દેખરેખ હેઠળ વળતરની અપેક્ષા સાથે કરવામાં આવતું કોઈ પણ પ્રકારનું માનસિક કે શારીરિક કાર્ય શ્રમ કહેવાય.

29. નિયોજકનો અર્થ જણાવો.

- જમીન, મૂડી અને શ્રમ એ ત્રણેય ઉત્પાદન-સાધનોને યોગ્ય રીતે સંયોજન કરી જોખમ ઉઠાવી ઉત્પાદન-પ્રવૃત્તિ કરી આવક મેળવનાર વ્યક્તિને નિયોજક કહેવાય છે.

30. મૂડીના વળતરને શું કહેવાય?

- મૂડીના વળતરને વ્યાજ કહેવાય.

31. ઉત્પાદનના કયા સાધનની ગતિશીલતા સૌથી ઓછી છે?

➢ ઉત્પાદનના સાધન 'શ્રમ'ની ગતિશીલતા સૌથી ઓછી છે.

32. ઉત્પાદનનું અગતિશીલ સાધન કયું છે?

➢ ઉત્પાદનનું મગતિશીલ સાધન 'જમીન' છે.

33. ઉત્પાદનનું સૌથી વધુ ગતિશીલ સાધન જણાવો.

➢ ઉત્પાદનનું સૌથી વધુ ગતિશીલ સાધને 'મૂડી' છે.

34. મૂડી અને સંપત્તિ વચ્ચે શો તફાવત છે?

➢ મૂડી અને સંપત્તિ બંને ભૌતિક છે, પરંતુ બધી સંપત્તિ ઉત્પાદન-પ્રક્રિયામાં સામેલ થતી નથી.

35. જમીનને મળતા વળતરને શું કહે છે?

➢ જમીનને મળતા વળતરને 'ભાડું' કહે છે.

36. 'વેતન' ઉત્પાદનના કયા સાધનનું વળતર છે?

➢ 'વેતન' ઉત્પાદનના સાધન 'શ્રમ'નું વળતર છે.

37. નિયોજકને કયા સ્વરૂપે વળતર મળે છે?

➢ નિયોજ કને નફા સ્વરૂપે વળતર મળે છે.

38. ચક્રવાત આર્થિક પરિવર્તનોનો અર્થ જણાવો.

➢ કોઈ સમયગાળા દરમિયાન ઊર્ધ્વગામી અને અધોગામી આર્થિક વલણો સર્જાય તે ચક્રવાત આર્થિક પરિવર્તનો છે.

39. કયા બજારમાં વ્યાપારચક્ર વધુ અસરકારક છે?

➢ માંગ -પુરવઠા આધારિત બજારમાં વ્યાપારચક્ર વધુ અસરકારક છે.

40. કલ્યાણનો અર્થ આપો.

➢ કલ્યાણ એટલે ભૌતિક જીવનધોરણનો સુધારો અને વધુ સારી સ્થિતિનું નિર્માણ .

41. કલ્યાણ કોની સાથે સંકળાયેલું છે?

➢ કલ્યાણ આર્થિક વિકાસ સાથે સંકળાયેલું છે.

42. સંપત્તિ અને કલ્યાણનો સીધો સંબંધ કેમ માપી શકાતો નથી ?

- સંપત્તિ અને કલ્યાણનો સીધો સંબંધ માપી શકાતો નથી.કારણ કે, કલ્યાણને પ્રજાનાં સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો સાથે જોડવામાં આવે છે.

43. કલ્યાણમાં વધારો ક્યારે થાય?

- આવકવૃદ્ધિ સાથે આવકની વહેંચણીની સમાનતા વધે તો કલ્યાણમાં વધારો થાય તેમ કહી શકાય.

44. અર્થશાસ્ત્રમાં કલ્યાણને કેટલી રીતે વિચારી શકાય? કઈ કઈ?

- અર્થશાસ્ત્રમાં કલ્યાણને બે રીતે વિચારી શકાય છે : (1) વ્યક્તિગત કલ્યાણ અને (2) સામૂહિક કલ્યાણ.

45. ટકાઉ વસ્તુઓનો અર્થ ઉદાહરણ આપી સમજાવો.

- જે વસ્તુઓનો લાંબા ગાળા સુધી વપરાશ કરી શકાય છે, તેને ટકાઉ વસ્તુઓ કહે છે. કપડાં લાંબા સમય સુધી પહેરી શકાય, ટીવી લાંબા સમય સુધી વપરાશમાં રહે છે. તેથી કપડાં અને ટીવી ટકાઉ વસ્તુઓ

46. ઉત્પાદનનો અર્થ સમજાવો.

- જે પ્રક્રિયા દરમિયાન સ્થળ, સ્વરૂપ અને સમય બદલાતા વસ્તુના તુષ્ટિગુણ , ઉપયોગિતામાં વધારો થાય છે, તે પ્રક્રિયા ઉત્પાદન કહેવાય છે. ઉત્પાદનમાં જમીન, મૂડી, શ્રમ, નિયોજ કે એ ચારેય સાધનો સરખાં મહત્ત્વનાં છે.

47. ઉત્પાદનના સાધન સંદર્ભમાં શ્રમનો અર્થ જણાવો.

- શ્રમ એટલે કોઈ વ્યક્તિની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ વળતરની અપેક્ષા સાથે કરવામાં આવતું માનસિક કે શારીરિક કાર્ય. શ્રમ કરનાર શ્રમિક કહેવાય છે. શ્રમ અને શ્રમિક અવિભાજ્ય છે. શ્રમનો સંગ્રહ થઈ શકતો નથી, તે સામાજિક - માનસિક કારણોસર ઉત્પાદનનું સૌથી ઓછું ગતિશીલ સાધન છે. શ્રમનો પુરવઠો વસ્તી પર આધારિત છે. શ્રમ માટે ચૂકવાતું વળતર વેતનું કહેવાય છે.